:: રે.દિ.મુ.નં.૧૦/૨૦૨૫ ના કામે આંક–૫ લગત હુકમ ::

(૧) આ કામે વાદીની દાવા અરજી તથા કામચલાઉ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ સાંઢેલી, તા.ઠાસરાના સર્વે નં.૨૯૪, જેનુ ક્ષેત્રફળ ૧–૫૨–૭૭, ખાતા નં.૧૦૩૪, જેનો આકાર રૂા.૧૦/– વાળી ખેતીની જમીન ગુલેવાળા ખેતર તરીકે ઓળખાય છે. જેના મુળ ખાતેદાર દિવાન કાલુશા રેમુશા તથા દિવાન રહીમશા રેમુશાની વડીલોપાર્જીત વારસાઈમાં મળેલ ખેતીની જમીન આવેલી છે. જે જમીન વાદી અહેમદશા કાલુશા તથા જુબેદાબીબી કાલુશા અને બફાતીશા કાલુશા, યાસીનશા કાલુશા, કુદરતશા કાલુશા, યુસુફશા કાલુશા તથા ઈસ્માઈલશા કાલુશા તમામને અડધો અડધ ૦–૩૬ ગુંઠા તથા રહીમશા રેમુશાના કાયદેસરના વારસો સારાબીબી, સબીરશા, જુબેદાબીબ, હલીમાબીબી, હનીફાબીબી, ખેરુનબીબી અને મહેમુદશાના હિસ્સા ભાગમાં ૦–૭૬ ગુંઠા ખેતીની જમીન વારસાઈ હકકે પ્રત્યક્ષ કબજે પ્રાપ્ત થયેલી છે. મોજે ગામ સાંઢેલી, તા.ઠાસરાના સર્વે નં.૨૯૪, જેનુ ક્ષેત્રફળ ૧–૫૨–૭૭ પૈકીની નીચે જણાવેલ ૪ ખુટ વચલી ખેતીની જમીન વાદીના પિતા કાલુશા રેમુશાના હિસ્સા ભાગમાં મળેલી છે. ૦–૫૧ ગુંઠા ૧/૩ પિતાને મળી તેની ૧/૩ (૦.૬૬ ટકા) વાદીઓના હિસ્સા ભાગે મળેલી છે.

પૂર્વે :– સદર સર્વે નંબરના પ્રતિવાદી નં.૨ થી ૭ ના હિસ્સા ભાગની જમીન

પશ્ચિમે :– મહંમદ હનીફશાના હિસ્સાની જમીન મુકી સ.નં.૨૯૪ ની હદ્દ પુરી થાય છે.

ઉત્તરે :– ફાગવેલ જવાનો ડામર માર્ગ.

દક્ષિણે :– અલીમહંમદ મહેમુદમીયા મલેકવાળી જમીન.

ઉપરોકત ચાર ખુટ વચ્ચેની જમીનમાં વાદીઓનો વરાડે પડતો દોઢ વીઘા જમીનમાં કાયદેસરનો વારસ હકક વાદીઓની દાવાવાળી જમીન એ રીતે ઓળખવામાં આવશે. આ કામના પ્રતિવાદી નં.૧ ની બદદાનત વાદીઓના હિસ્સા ભાગની જમીન પચાવી પાડવા પ્રતિવાદી નં.૧ ભણેલા, કોર્ટ કચેરીના જાણકાર અને વાદીઓ અભણ, અજ્ઞાન હોવાનો

ગેરલાભ લઈ દાવાવાળી જમીનની સરકારી રેકર્ડમાંથી વાદીઓના હકકો કાયમ માટે નાબૂદ કરવા વાદીઓ પાસે ફાવતા લખાણો વર્ષો અગાઉ ઉભા કરેલા. વાદીઓને પ્રતિવાદી નં.૧ ની બદદાનતની જાણ થતા વાદીઓએ મહેસુલી કચેરીમાં લેખિતમાં વાંધા અપીલો દાખલ કરેલી. દાવાવાળી જમીન ઉપર વાદીઓના કુટુંબનો જીવન આધાર હોય પ્રતિવાદી નં.૧ પૈસાની જોરે વગ વાપરી દાવાવાળી જમીનના સરકારી રેકર્ડમાંથી વાદીઓના હકકોની નોંધ કમી કરાવવા અને તેમ કરીને વાદીઓના હકક હિસ્સાવાળી જમીન વાદીઓને અંધારામાં રાખી **<u>છેલ્લા ૧૫ વર્ષથી દાવાવાળી જમીન રફેદફે કરવા પ્રયત્ન કરતા</u>** વાદી નં.૧ નાએ સચિવ સાહેબશ્રી, મહેસુલ વિભાગમાં કાયદેસરની લેખિતમાં રજુઆતો કરી તેની પ્રતિવાદી નં.૧ નાઓને જાણ થતા છેલ્લા ૧૫ દિવસથી જમીન ખરીદનારા જમીન દલાલોને વાદીઓને જાતે ખેડાતી જમીન વેચવાના પ્રયત્નો કરતા વાદી નં.૧ નાએ તા.૦૫/૦૮/૨૦૨૫ ના રોજ દૈનિક પેપરમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી દાવાવાળી જમીનમાં પોસાતા વાદીઓના હકક, અધિકારના રક્ષણ માટે સદર દાવો કરવા કાયદેસરનું કારણ ઉદભવેલ છે. દાવાવાળી જમીન વાદીઓના કુટુંબની જીવાદોરી પ્રતિવાદી નં.૧ રેવન્યૂ રેકર્ડનો ગેરલાભ લઈ વાદીઓના હકકો વિરુધ્ધ કોઈપણ ત્રાહિતને, કોઈપણ પ્રકારે, કાચા પાકા લખાણથી તબદીલ કરે–કરાવે કે, દાવાવાળી જમીન બોજા, તારણમાં લખી આપે તેવી પ્રતિવાદી નં.૧ ની ગેરકાયદેસરની કાર્યવાહીઓ તાકીદે રોકવામાં ન આવે તો વાદીઓના હકકને ગંભીર પ્રકારે નુકશાન સહન કરવાનો વારો આવે તેમ છે. દાવાવાળી જમીનમાં જેવો અને જેટલો કાયદેસરનો હકક, અધિકાર પ્રતિવાદી નં.૧ નો છે તેવો અને તેટલો હકક, અધિકાર કાલુશા રેમુશાની પ્રાપ્ત થયેલી ત્રીજા ભાગ પૈકી ૧/૩ (૦.૬૬ ટકા) વાદી તથા અન્ય વારસદારોનો પણ છે. ગુજ. કાલુશા રેમુશાની અન્ય વારસોની પરવાનગીથી વાદીઓ દાવાવાળી જમીન પૈકીની આશરે ૧॥ (દોઢ) વીઘા દાવાવાળી જમીનમાં તમાકુ વહેરામાંથી પાણી લઈ ખેતી જાતે પોતે પ્રતિવાદી નં.૧ ની જાણમાં કરતા આવેલા છે અને કરે છે. વાદીઓને દાવાવાળી જમીનમાં ખેતી કરતા, ઉપજ લેતા આજદીન સુધી પ્રતિવાદી નં.૧ નાઓ કે અન્ય કોઈએ કોઈપણ પ્રકારનો અટકાવ, અંતરાય કરેલ નથી અને પ્રતિવાદી નં.૧ વર્ષો વર્ષ વાદીઓ

પાસેથી તેમના હિસ્સાનો વેરો પણ વસુલ મેળવે છે. આ સંજોગોમાં પ્રતિવાદી નં.૧ એ કાયદાની જોગવાઈ વિરુધ્ધના લખાણો ઉપજાવી વાદીઓના હકકોને ગંભીર પ્રકારનું નુકશાન કરવાનો પ્રયત્ન કરેલો હોય દાવા દરમિયાન દાવાવાળી જમીનમાં પોષાતા વાદીઓના હકકોના રક્ષણ માટે વાદીઓએ હાલનો દાવો દાખલ કરી વચગાળાની મનાઈ અરજી દાખલ કરેલી છે અને અરજીમાં દાદ માંગેલી છે કે,

(અ) મોજે ગામ સાંઢેલી, તા.ઠાસરાના સર્વે નં.૨૯૪, જેનુ ક્ષેત્રફળ ૧–૫૨–૭૭, ખાતા નં. ૧૦૩૪, જેનો આકાર રૂા.૧૦/– વાળી ખેતીની જમીન ગુલેવાળા ખેતર તરીકે ઓળખાય છે તે જમીનમાં વાદીઓને ખેતી કરતા, ઉપજ લેતા પ્રતિવાદી નં.૧ કોઈપણ પ્રકારે દખલ, અંતરાય કરે–કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ સુધી પ્રતિવાદી નં.૧ વિરુધ્ધ હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

(બ) વાદીઓની મનાઈ અરજીની હકીકત ધ્યાનમાં લઈ નામ. કોર્ટને ન્યાયી લાગે તેવી વધારાની વચગાળાની દાદ આપવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના વાદી તરફે તેઓના વિ.વ.શ્રી કે.એન.પટેલનાઓએ તા.૨૫/૦૮/૨૦૨૫ ના રોજ હાલનો દાવો નામ. અદાલતમાં દાખલ કરેલ હતો. નામ. અદાલત ધ્વારા કોર્ટ ફી તથા વાદી પક્ષે રજુ કરેલ દસ્તાવેજી આધારોને ધ્યાને લઈ હાલનો દાવો સીવીલ દાવા રજીસ્ટરે નોંધવાનો હુકમ કરી આ કામના પ્રતિવાદીઓને મુદ્દત તા.૧૫/૦૯/૨૦૨૫ ના રોજ હાજર રહેવાનો સમન્સ તથા મનાઈ અરજીની નોટીસ નીકાળવાનો હુકમ કરેલો. ત્યારબાદ આ કામના પ્રતિવાદી નં.૧ તરફે વિ.વ.શ્રી બી.પી.પુરોહિતનાઓ હાજર રહેલા હતા અને તેઓનું વકીલાતપત્ર રજુ કરેલ. આ કામે પ્રતિવાદી નં.૨ થી ૬ નાઓને વાદીની દાવા અરજીનું સમન્સ તથા હાલની મનાઈ અરજીની નોટીસની ધારાસરની બજવણી થઈ ગયેલ હોવા છતાં પ્રતિવાદી નં.૨ થી ૬ નાઓ નામ. અદાલતમાં મુદ્દતે હાજર રહેલ નથી, જેથી નામ. અદાલત ધ્વારા તા.૧૫/૦૯/૨૦૨૫ ના રોજ આંક–૧ લગત હુકમ પ્રતિવાદી નં.૨ થી ૬ નાઓ વિરુધ્ધ દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવાનો હુકમ કરેલો છે.

આ કામે પ્રતિવાદી નં.૧ નાએ મુદ્દત તા.૧૦/૧૧/૨૦૨૫ ના રોજ આંક–૨૦ થી વાદીની દાવા અરજી તથા હાલની મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે અને જેમાં જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો નથી. વાદીને હાલનો દાવો તથા મનાઈ અરજી કરવાનુ કોઈ કારણ નથી કે કોઈ કાયદેસરનો હકક કે અધિકાર નથી. વાદીએ પોતાની દાવા અરજીમાં તેમજ હાલની મનાઈ અરજીમાં સત્ય હકીકતો છુપાવેલ છે. વાદીએ ખોટી હકીકતો જણાવી હાલનો દાવો અને મનાઈ અરજી દાખલ કરેલી છે. વાદીના દાવાને સમયમર્યાદાનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ વાદીએ યોગ્ય પક્ષકારોને જોડીને હાલનો દાવો નામ. અદાલતમાં દાખલ કરેલ નથી. આ કામના વાદીએ ગુજ. રેમુશા દિવાનના કાયદેસરના વારસોને દાવાના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી કે કોઈ પેઢીનામુ રજુ કરેલ નથી. દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ ની માલિકી કબજા ભોગવટાની છે. વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલ ખુટ અંગે કોઈ પુરાવો દાવા અરજી તથા હાલની અરજી સાથે સામેલ રાખેલ નથી. વાદીઓએ પોતાની દાવા અરજી તથા હાલની અરજીમાં જણાવ્યા મુજબ પ્રતિવાદીઓની દાનત બગડતા વાદીઓના હિસ્સા ભાગની જમીન પચાવી પાડવા માટે કાર્યવાહી કરી રહેલ છે તે બતાવતો કોઈ પુરાવો વાદી પક્ષે રજુ રાખેલ નથી. પ્રતિવાદી નં.૧ નાએ કોઈ ગેરકાયદેસર કૃત્ય કરેલ નથી કે કોઈ ખોટા લખાણો ઉભા કરેલા નથી. આ કામના વાદીએ મહેસુલ કચેરીમાં લેખિતમાં વાંધાઓ રજુ કરેલા છે તેવી હકીકતો પોતાની દાવા અરજીમાં જણાવેલ છે, પરંતુ વાદી પક્ષે આવી કોઈ અરજી કે જવાબો તેમજ મહેસુલ કચેરીમાં કયા કયા કેસો ચાલી રહેલ છે ? તેની કોઈ માહિતી દાવા અરજીમાં જણાવેલ નથી કે મહેસુલ કચેરીનું કોઈ રેકર્ડ પણ રજુ રાખેલ નથી. વાદીઓએ દાવાવાળી જમીનમાંથી સ્વેચ્છાએ પોતાનો હકક કમી કરાવેલ છે, જેની ફેરફાર નોંધ નં.૪૮૦૬ છે. જે કલેકટરશ્રી નડિયાદનાએ વાદીઓની રીવીઝન નં.૮૬/૨૦૨૩ અંગે નામંજુર કરતો હુકમ કરેલ છે અને તે હકીકત વાદીઓએ દાવા અરજીમાં છુપાવેલ છે. વાદી નં.૨ નાએ પણ દાવાવાળી જમીનમાંથી પોતાનો હકક છોડી દીધેલ છે. તે મુજબની આર.ટી.એસ. નં.૪૧/૨૦૦૯ માં લેખિત જવાબ પણ યાસીનશાએ રજુ કરેલ છે. વાદીએ દાવાવાળી જમીન અંગે તેમનો હકક કમી કરાવી તેની ફેરફાર નોંધ નં.૪૪૦૮ અને ફેરફાર નોંધ નં.૪૪૧૩

અંગે જમીનનો અવેજ મળ્યાની અને હકક કમીની વિગતવાર લેખિત કબુલાત તા.૧૮/૦૨/૨૦૧૭ ના સીરીયલ નં.૬૧૯/૧૩ નોટરી રૂબરૂ લખી આપી તેમના ફોટા ઉપર સહી અંગૂઠાનું નિશાન કરેલ છે. સદર સમાધાન મુજબ વાદીઓએ ફેરફાર નોંધ નં.૪૪૦૮ અને ૪૪૧૩ અંગે પોતાના આપેલ વાંધા પરત ખેંચી લીધેલાની કબુલાત અને લેખિત બાંહેધરી આપેલ છે કે, **''સદર બન્ને ફેરફાર નોંધો મંજુર થાય તો તેમાં અમો પ્રથમ પક્ષવાળાને વાંધો વિરોધ રહેતો નથી''** તેમ છતાં લાંબા સમયગાળા બાદ નવેસરથી રેવન્યુ પ્રોસીડીંગ્સ વાદીએ શરૂ કરેલ છે. વાદી નં.૧ નાએ સચિવશ્રી, મહેસુલ વિભાગમાં કહેવાતી કાયદેસરની લેખિતમાં રજુઆતો કરેલ હોવાની હકીકતો ખોટી જણાવેલ છે. વાદીએ આવી કોઈ અરજી કે હુકમ દાવા સાથે રજુ રાખેલ નથી. વાદીના પુરાવા લિસ્ટમાં ફેરફાર નોંધ નં.૫૮૬૦ પ્રતિવાદીને સમર્થન કરે છે. આ કામના પ્રતિવાદી નં.૧ નાએ જમીન વેચવાનો પ્રયત્ન કરતા હોવાની હકીકત વાદીએ ખોટી જણાવેલ છે. વાદીએ બિનહકકે દાવાવાળી જમીન અંગે તા.૦૫/૦૮/૨૫ ના રોજ દૈનિક પેપરમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી ખોટી વારસાઈથી દાવાવાળી જમીનમાં તેમનો હકક છે તેવો ખોટો પુરાવો ઉભો કરી તે સાચા પુરાવા તરીકે સરકારી કોર્ટ કચેરીમાં રજુ કરવા ગેરકાયદેસર પ્રયત્ન કરી રહેલ છે. હકક કમી બાદ સમગ્ર ૦–૩૬ ગુંઠા જમીનમાં પ્રતિવાદી નં.૧ નો સ્પષ્ટ પ્રત્યક્ષ કબજો ભોગવટો અને વાપરઉપભોગ કરતા આવેલ છે, જેથી રેવન્યુ રેકર્ડનો ગેરલાભ ઉઠાવવાનો પ્રશ્ન જ થતો નથી. વાદીઓએ પોતાનો હકક દાવાવાળી મિલ્કતમાંથી સ્વૈચ્છિક કમી કરાવ્યા બાદ સદર દાવા થકી પુન: જમીનમાં નવીન હકકો ઉભા કરવા ખોટી હકીકતો ઉપજાવી કાઢી હાલનો દાવો કરેલો છે. વાદીએ વર્ષો પહેલા પોતાના હકક, અવેજ મેળવી કમી કરાવ્યા બાદ તે અંગે નોટરી રૂબરૂ રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર વાદીએ હકક કમીના લેખિત કબુલાતો આપી પોતાના ફોટોગ્રાફસ સામે નોટરી રૂબરૂ પોતાના સહી અંગૂઠાના નિશાન પણ કરેલા છે. આ કામના વાદીઓ દાવાવાળી મિલ્કતમાં ખેતી કામ કરતા હોવાની હકીકત ખોટી જણાવેલી છે. વાદીએ દાવાવાળી મિલ્કતમાં ખેતી કામ કરતા હોવાનો કોઈ પુરાવો દાવાના કામે રજુ કરેલ નથી. આમ, ઉપરોકત હકીકતો જોતા આ કામના વાદીઓનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી તેમજ

અગવડતા સગવડતાની સમતુલા પણ વાદીની તરફેણમાં નથી અને જો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ તેવુ કોઈ નુકશાન જાય તેમ નથી કારણ કે, દાવાવાળી મિલ્કતનો પ્રત્યક્ષ કબજો ભોગવટો પ્રતિવાદી નં.૧ પાસે છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લઈ વાદીની હાલની મનાઈ અરજી નામંજુર કરવા નમ્ર અરજ કરેલ છે.

આ કામે વાદી પક્ષે પ્રતિવાદી નં.૧ ના આંક–૨૦ વાળા જવાબની સામે આંક–૨૨ થી કાઉન્ટર સોગંદનામુ રજુ કરીને પ્રતિવાદી નં.૧ ના આંક–૨૦ વાળા જવાબમાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૩) વાદી તરફે તેઓના દાવા અને કામચલાઉ મનાઈ અરજીના સમર્થનમાં નિ.૩/૧ થી નિ.૩/૧૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૧) નિ.૩/૧– મોજે ગામ સાંઢેલીની સર્વે નં.૨૯૪ ની ગામ નમુના નં.૭

(૨) નિ.૩/૨– મોજે ગામ સાંઢેલીની સર્વે નં.૨૯૪ ની ગામ નમુના નં.૧૨

(૩) નિ.૩/૩– મોજે ગામ સાંઢેલી ખાતા નં.૧૦૩૪ ની ગામ નમુના નં.૮–અ

(૪) નિ.૩/૪– ફેરફાર નોંધ નં.૪૮૦૬ ની નકલ

(૫) નિ.૩/૫– મોજે ગામ સાંઢેલીની સર્વે નં.૨૯૪ ની ગામ નમુના નં.૭

(૬) નિ.૩/૬– મોજે ગામ સાંઢેલીની સર્વે નં.૨૯૪ ની ગામ નમુના નં.૧૨

(૭) નિ.૩/૭– મોજે ગામ સાંઢેલી ખાતા નં.૧૦૩૪ ની ગામ નમુના નં.૮–અ

(૮) નિ.૩/૮– ફેરફાર નોંધ નં.૫૮૬૦ ની નકલ

(૯) નિ.૩/૯– દાવાવાળી જમીનની ચતુર્સિમાનો દાખલો

(૧૦) નિ.૩/૧૦– આર.ટી.એસ. રીવીઝન ૮૬/૨૦૨૩ ની હુકમની નકલ

(૧૧) નિ.૩/૧૧– મહે. સચિવશ્રી, મહેસુલનો પત્ર

(૧૨) નિ.૩/૧૨– મહે. મહેસુલ સચિવશ્રીની કોર્ટમાં કરેલ રીવીઝન અરજી નં.૧૦૪/૨૩ ની નકલ

(૧૩) નિ.૩/૧૩– વાદીએ આપેલી જાહેર નોટીસ

(૪) પ્રતિવાદી પક્ષ તરફે વાદીની દાવા અને કામચલાઉ મનાઈ અરજીના જવાબના સમર્થનમાં નિ.૨૧/૧ થી નિ.૨૧/૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૧) નિ.૨૧/૧– વાદીઓએ રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર લખી આપેલ નોટરી રૂબરૂ કબુલાત અને સમાધાન કરાર નંગ–૨

(૨) નિ.૨૧/૨– દાવાવાળી મિલ્કત અંગે મહે. કલેકટરશ્રી, ખેડાનાઓની કોર્ટમાં આર.ટી.એસ. રીવીઝન/ખડ/મનાઈ/૮૬/૨૦૨૩ ના કામે થયેલ હુકમની નકલ

(૩) નિ.૨૧/૩– વાદીની ફેરફાર નોંધ નં.૫૨૯૮ ની મામલતદાર, ઠાસરાના હુકમની નકલ

(૫) પક્ષકારો તરફે વિ.વ.શ્રીઓની દલીલ સાંભળી. વાદી તરફે વિ.વ.શ્રી કે.એન.પટેલનાએ આંક–૨૩ થી કામચલાઉ મનાઈ અરજીના સમર્થનમાં લેખિત દલીલો રજુ કરેલ છે, જે નામ. અદાલત ધ્વારા ધ્યાનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે. વાદી પક્ષે આંક–૨૩ થી જે લેખિત દલીલો રજુ કરેલ છે તેમાં મહદઅંશે દાવા અરજી તથા હાલની મનાઈ અરજીની હકીકતો જણાવેલી હોય હકીકતોનું પુનરાવર્તન ટાળવા સારૂ તેની વધુ ચર્ચા કરવામાં આવેલ નથી. વાદીએ આંક–૨૩ વાળી લેખિત દલીલના સમર્થનમાં જણાવેલ છે કે, વાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૧ ગુજ. કાલુશા રેમુશા દિવાનના કાયદેસરના વારસો છે. વાદી અને પ્રતિવાદી વચ્ચે મહેસુલી તકરારો ચાલુ છે. દાવાવાળી જમીન વડીલોપાર્જિત જમીન છે. આ કામના પ્રતિવાદી નં.૧ નાએ વાદીઓની અજ્ઞાનતાનો ગેરલાભ લઈ ફાવતા લખાણો વાદીઓની પીઠ પાછળ ગેરકાયદેસર રીતે ઉભા કરેલા છે. આ કામના પ્રતિવાદીએ વાદીને કોઈ અવેજ ચુકવી આપેલો નથી તેમજ પ્રતિવાદીએ જે કબુલાતનામુ અને સમાધાન લેખ નિ.૨૧/૧ થી રજુ કરેલ છે તે બોગસ અને ખોટો ઉપજાવી કાઢેલો છે. વાદીઓએ મહેસુલ સચિવ, અમદાવાદ સમક્ષ

રજુઆતો કરતા મહેસુલ સચિવશ્રીએ દિવાની અદાલત સિવાય મિલ્કતના હકકો નકકી કરવાની સત્તા મહેસુલ સચિવને ન હોય તેવુ જણાવતા વાદીએ હાલનો દાવો નામ. અદાલતમાં કરેલો છે. રજીસ્ટ્રેશન કાયદાની કલમ–૧૭ ની જોગવાઈ વિરુધ્ધ લાખોની કિંમતી જમીન રૂા.૧૦/– ના સોગંદનામાથી તબદીલ થાય તેવી કોઈ જોગવાઈ નથી તેમ છતાં પ્રતિવાદી નં.૧ નાએ વાદીની અજ્ઞાનતાનો ગેરલાભ લઈ ખોટુ સોગંદનામુ કરેલુ છે. વર્ષ ૨૦૦૭ થી રેવન્યુ રેકર્ડના વાદીઓના કાયદેસરના હકકોની નોંધ કબજેદાર તરીકે થયેલી છે. આ કામના પ્રતિવાદી નં.૧ વાદીની અજ્ઞાનતાનો ગેરલાભ લઈ દાવાવાળી જમીન ઉપર બોજો ઉભો કરે તેવા છે અને દાવાવાળી જમીન અન્ય કોઈ વ્યકિતને ગેરકાયદેસર રીતે વેચાણ કરવાની પેરવી કરી રહેલ છે. વાદીએ નિ.૩/૧ થી દાવાવાળા રેવન્યુ સ.નં.૨૯૪ ની ૭/૧૨ ની નકલ તા.૦૭/૦૨/૨૦૨૩ ના રોજ કઢાવેલી, જેમાં કબજેદાર તરીકે વાદી નં.૧ અહેમદશા કાલુશાનું નામ નોંધાયેલ છે અને બીજા હકકમાં સરકારશ્રીએ જરૂરી સ્ટેમ્પ ડયુટી ભરપાઈ થઈ હકક કમી લેખ રજુ થયેથી નવેસરથી નોંધ પાડી નિર્ણય લેવા આસી. કલેકટરશ્રી, ઠાસરાના આર.ટી.એસ. કેસ નં.૧૫૩/૧૮, તા.૦૨/૦૨/૨૦૧૯ ના હુકમના આધારે નોંધ નં.૫૧૨૩ પ્રતિવાદી નં.૧ નાઓ વાદીઓના દાવાવાળી જમીનમાં પોષાતો વરાડે પડતો હકક હિસ્સો જતો કરવા કાયદા મુજબનું સ્ટેમ્પ તથા ડયુટી ભરપાઈ કરી હોય તેવુ પુરવાર કરી શકેલા નથી. વાદી પક્ષે રજુ કરેલ નિ.૩/૧ થી ૩/૧૩ વાળા દસ્તાવેજોથી વાદીએ પોતાનો પ્રાયમાફેસી કેસ સાબિત કરેલો છે અને સગવડતા અને અગવડાની સમતુલા પણ વાદીની તરફેણમાં હોય અને વાદીઓને દાવાવાળી મિલ્કતમાં ખેતી કામ કરતા રોકવામાં આવે તો વાદીઓને નાણામાં ન ભરપાઈ થઈ શકે તેવુ નુકશાન થાય તેમ હોય વાદી પક્ષની હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૬) આ કામે પ્રતિવાદી પક્ષે વાદીની હાલની કામચલાઉ મનાઈ અરજી સામે સખત વાંધો લીધેલ છે અને મૌખિક દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના વાદીએ ખોટી હકીકતો જણાવી નામ. અદાલતમાં દાવો દાખલ કરેલ છે અને સાથે હાલની મનાઈ અરજી દાખલ કરેલી છે. આ કામના

પ્રતિવાદીએ પોતાના આંક–૨૦ વાળા જવાબમાં જણાવેલી હકીકતો પોતાની મૌખિક દલીલોમાં પુનરાવર્તન કરેલ હોય હકીકતોનું પુનરાવર્તન ટાળવાસારૂ આ તબકકે તેની વધુ કોઈ ચર્ચા કરવામાં આવેલ નથી. પરંતુ પ્રતિવાદી પક્ષે પોતાની મૌખિક દલીલમાં મહત્વની હકીકત જણાવેલી છે કે, દાવાવાળી મિલ્કત વાદીની પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલી નથી તેમજ વાદીએ યોગ્ય પક્ષકારોને જોડીને હાલનો દાવો નામ. અદાલતમાં રજુ કરેલો નથી તેમજ વાદી પક્ષે પોતાની દાવા અરજીમાં તેમજ હાલની મનાઈ અરજીમાં સત્ય હકીકતો છુપાવેલ છે. ખરેખર વાદી નં.૨ યાસીનશાનાઓએ દાવાવાળી જમીનમાંથી પોતાની હકક છોડી દીધેલ છે અને તે મુજબની આર.ટી.એસ. નં.૪૧/૨૦૦૯ માં લેખિત જવાબ પણ યાસીનશાએ રજુ કરેલ છે અને તેની ફેરફાર નોંધ નં.૪૪૦૮ અને ફેરફાર નોંધ નં.૪૪૧૩ પડેલ છે અને હકક કમીની વિગતવારની લેખિત કબુલાત તા.૧૮/૨/૨૦૧૭ ના રોજ નોટરી રૂબરૂ લખાણથી કરી આપેલ છે અને તે લખાણ/સમાધાન મુજબ વાદીઓએ ફેરફાર નોંધ નં.૪૪૦૮ અને ૪૪૧૩ અંગે આપેલ વાંધા પરત ખેંચી લીધેલાની કબુલાત અને લેખિત બાંહેધરી આપેલી છે. વાદીએ ખોટી હકીકતો ઉપજાવી કાઢી હાલનો દાવો અને મનાઈ હુકમ હોય વાદીની હાલની મનાઈ અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭) ઉપરોકત તમામ હકીકતો જોતા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>:: મુદ્દા ::</u>

(૧) શું વાદી તેઓનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે?

(૩) શું મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?

(૪) શું હુકમ?

(૮) **ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ કરવામાં આવે છે.**

:: નિર્ણય ::

મુદ્દા નં.૧. નકારમાં,
મુદ્દા નં.૨. નકારમાં,
મુદ્દા નં.૩. નકારમાં,
મુદ્દા નં.૪. આખરી હુકમ મુજબ.

:: કારણો ::

મુદ્દા નં.૧ થી ૪ ની સંયુકત ચર્ચા :–

(૯) આ કામે વાદી તરફે રજુ આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજી વંચાણે લીધી. પક્ષકારો તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. આ કામે વાદીની દાવા અરજી તથા હાલની મનાઈ અરજી જોવામાં આવે તો, દાવાવાળી જમીનના મુળ ખાતેદાર દિવાન કાલુશા રેમુશા તથા દિવાન રહીમશા રેમુશાની વડિલોપાર્જિત વારસાઈમાં મળેલી ખેતીની જમીન આવેલી છે તેવી હકીકત વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવેલી છે, પરંતુ વાદી પક્ષે રજુ કરેલ નિ.૩/૧ થી નિ.૩/૧૩ વાળા દસ્તાવેજોમાં દાવાવાળી મિલ્કત દિવાન કાલુશા રેમુશા તથા દિવાન રહીમશા રેમુશાની વડિલોપાર્જિત મિલ્કત હોવાનો કોઈ પુરાવો દાવા અરજી તથા હાલની મનાઈ અરજી સાથે રજુ કરેલો નથી. આ કામે વાદી પક્ષે દિવાન કાલુશા રેમુશા તથા દિવાન રહીમશા રેમુશાનું કોઈ પેઢીનામુ પણ રજુ રાખેલ નથી. દિવાન કાલુશા રેમુશા તથા દિવાન રહીમશા રેમુશાનાઓના કાયદેસરના કુલ કેટલા વારસદારો છે ? તે પણ વાદી પક્ષે પોતાની દાવા અરજીમાં જણાવેલ નથી. વાદીએ પોતાની દાવા અરજીમાં જણાવ્યા મુજબ ''**જે જમીન વાદી અહેમદશા કાલુશા તથા જુબેદાબીબી કાલુશા અને બફાતીશા કાલુશા, યાસીનશા કાલુશા, કુદરતશા કાલુશા, યુસુફશા કાલુશા તથા ઈસ્માઈલશા કાલુશા તમામને અડધો અડધ ૦–૩૬ ગુંઠા તથા રહીમશા રેમુશાના કાયદેસરના વારસો સારાબીબી, સબીરશા, જુબેદાબીબ, હલીમાબીબી, હનીફાબીબી, ખેરુનબીબી અને મહેમુદશાના હિસ્સા ભાગમાં ૦–૭૬ ગુંઠા**

ખેતીની જમીન વારસાઈ હકકે પ્રત્યક્ષ કબજે પ્રાપ્ત થયેલી છે.'' વાદીએ પોતાની દાવા અરજી તથા હાલની મનાઈ અરજીના કામે ઉપરોકત હકીકતને સાબિત કરતા કોઈ દસ્તાવેજી પુરાવા હાલના કામે સામેલ રાખેલ નથી.

આ કામે વાદી પક્ષે નિ.૩/૧ થી દાવાવાળી મિલ્કતનો ગામ નમુના નં.૭ રજુ કરેલ છે. જેમાં ફેરફાર નોંધ નં.૪૦૪૯ થી કુલ–૧૩ વ્યકિતઓના નામ દાવાવાળી મિલ્કતમાં દાખલ થયેલા છે તેવુ જણાય આવે છે, પરંતુ વાદી પક્ષે દાવા અરજીમાં વાદી તરીકે બે ઈસમોના નામ જણાવેલા છે અને પ્રતિવાદી તરીકે કુલ–૬ ઈસમોના નામ જણાવેલા છે. વાદીએ પોતાની દાવા અરજીમાં (૧) હસીનાબીબી યાકુબશા રેમુશાની વિધવા, (૨) મહંમદહનીફશા મુસ્તુફાશા, (૩) જુબેદાબીબી કાલુશા, (૪) અહેમદશા કાલુશા, (૫) કાલુશા રહેમુશા, (૬) સારાબીબી રહીમશાની વિધવા, (૭) જુબેદાબીબી રહીમશાનાઓને પક્ષકાર તરીકે હાલના દાવાના કામે જોડેલ નથી. જયારે નિ.૩/૧, નિ.૩/૨, નિ.૩/૩, નિ.૩/૫, નિ.૩/૬, નિ.૩/૭ માં ઉપરોકત પક્ષકારોના નામ દાવાવાળી મિલ્કતના કબજેદારો તરીકે જણાવેલા છે. આમ, ઉપરોકત પક્ષકારોનો દાવાવાળી મિલ્કતમાં હિત જણાય આવે છે તેમ છતાં વાદી પક્ષે ઉપરોકત પક્ષકારોને દાવા અરજીના કામે પક્ષકાર તરીકે જોડેલા નથી અને તેઓને ન જોડવા માટેના કોઈ કારણ પણ દાવા અરજી કે હાલની અરજીમાં જણાવેલા નથી. આ કામે વાદી પક્ષે નિ.૩/૧૦ થી આર.ટી.એસ. રીવીઝન/ખડ/૮૬/૨૦૨૩, તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ નામ. કલેકટરશ્રી, ખેડાનાઓના હુકમની નકલ રજુ કરેલી છે તે જોવામાં આવે તો, તે અરજી આ કામના વાદી અહેમદશા કાલુશા દિવાનનાઓએ આ કામના પ્રતિવાદી બફાતીશા કાલુશા દિવાન વિરુધ્ધ દાખલ કરેલી હતી અને જેમાં દાવાવાળી મિલ્કતમાં પડેલ હકક કમીની ફેરફાર નોંધ નં.૪૮૦૬ જે તા.૦૨/૦૯/૨૦૧૫ ના રોજ સર્કલ ઓફિસરે નામંજુર કરેલ, જેની સામે આ કામના પ્રતિવાદીએ નાયબ કલેકટરશ્રી, ઠાસરાની કોર્ટમાં આર.ટી.એસ. કેસ નં.૬/૨૩ દાખલ કરતા નાયબ કલેકટરશ્રીએ તા.૨૮/૦૩/૨૦૨૩ ના રોજ પ્રતિવાદીની વિવાદ અરજી ગ્રાહ્ય રાખી ફેરફાર નોંધ નં.૪૮૦૬ પ્રમાણિત કરવાનો હુકમ કરેલ અને તે હુકમથી

નારાજ થઈને આ કામના વાદીએ કલેકટરશ્રી, નડીયાદની કોર્ટમાં આર.ટી.એસ. રીવીઝન/ખડ/૮૬/૨૦૨૩, તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ દાખલ કરેલ, જેમાં નામ. કલેકટરશ્રીનાઓએ બન્ને પક્ષોને સાંભળીને તા.૨૧/૦૨/૨૦૨૫ ના રોજ હુકમ કરી આ કામના વાદી અહેમદશા કાલુશા દિવાનનાઓની રીવીઝન અરજી નામંજુર કરેલ અને નાયબ કલેકટરશ્રી, ઠાસરાના આર.ટી.એસ./વિ.માં/કેસ નં.૬/૨૦૨૩, તા.૨૮/૦૩/૨૦૨૩ નો હુકમ યથાવત રાખવાનો હુકમ કરેલ છે. જેની સામે આ કામના વાદીએ મહેરબાન ગુજરાત રાજયના મહેસુલ સચિવ, અમદાવાદ મુકામે રીવીઝન અરજી નં.૧૦૪/૨૦૨૩ દાખલ કરેલ છે અને નિકાલ બાકી છે. આમ, વાદી પક્ષે રજુ કરેલ ઉપરોકત દસ્તાવેજી આધારો જોતા દાવાવાળી મિલ્કતમાંથી આ કામના વાદીઓએ પોતાનો હકક જતો કરેલ હતો અને તેની ફેરફાર નોંધ નં.૪૮૦૬ રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલી હતી. જેથી એ હકીકત સાબિત થાય છે કે, દાવાવાળી મિલ્કતમાં આ કામના વાદીઓનો કોઈ હકક અધિકાર આવતો ન હતો.

આ કામે વાદીએ હાલની અરજી દાખલ કરીને દાદ માંગેલી છે કે, મોજે ગામ સાંઢેલી, તા.ઠાસરાની સ.નં.૨૯૪ પૈકી દાવા અરજીના પેરા નં.૨ માં જણાવેલી દાવાવાળી જમીનમાં વાદીઓને ખેતી કરતા, ઉપજ લેતા પ્રતિવાદી નં.૧ કોઈપણ પ્રકારે દખલ, અંતરાય કરે–કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલી છે, પરંતુ આ કામના વાદીએ તેઓ દાવાવાળી મિલ્કતમાં ખેતી કામ કરે છે અને ઉપજ મેળવે છે તે બતાવતો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલો નથી તેમજ દાવાવાળી મિલ્કતનો કબજો તેમની પાસે છે તે બતાવતો પણ કોઈ પુરાવો દાવા અરજી સાથે કે હાલની મનાઈ અરજી સાથે રજુ રાખેલો નથી. વાદી પક્ષે રજુ કરેલ નિ.૩/૧૦ વાળા હુકમથી એ હકીકત સાબિત થાય છે કે, દાવાવાળી જમીનમાં ફેરફાર નોંધ નં.૩૯૫૭ દાખલ થયેલ ત્યારે કબજેદારો પૈકી આ કામના અરજદાર એટલે કે, વાદીએ કરેલ સોગંદનામાના આધારે હકક કમીની ફેરફાર નોંધ નં.૪૮૦૬ દાખલ થયેલ. વધુમાં નિ.૩/૧૦ વાળા હુકમમાં મહે. કલેકટરશ્રીએ પાના નં.૩ ઉપર છેલ્લેથી ત્રીજી લાઈનમાં જણાવેલ છે કે, **''નીચેની કોર્ટે રૂા.૨૦/– ના સ્ટેમ્પ પેપર પર તા.૨૫/૦૮/૨૦૦૯ ના રોજ એકઝીકયુટીવ**

મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી, ઠાસરા સમક્ષ સોગંદનામા ક્રમાંક–૧૩૮૯૮/૨૦૦૯, તા.૦૯/૧૦/૨૦૦૯ થી હકક કમી અંગેનું સોગંદનામુ કરનાર તથા નોટરીશ્રી રૂબરૂ રજીસ્ટર્ડ નં.૧૧૩૩, ક્રમ નં.૬૧૯, તા.૧૮/૦૨/૨૦૧૩ બુક નં.૧ ના પાના નં.૫૦ થી રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર પર તા.૧૮/૦૨/૨૦૧૩ થી હકક કમી અંગે સમાધાન કરાર કરનાર પ્રતિવાદી નં.૧ તથા વાદી ભાઈઓ થતા હોય રજુ કરેલા પુરાવા ધ્યાને લઈ પ્રમાણિત કરતો હુકમ કરેલો છે.'' આમ, દાવાવાળી મિલ્કતમાંથી આ કામના વાદીઓએ યોગ્ય ઓથોરીટી સમક્ષ સોગંદનામા કરી પોતાનો હકક કમી કરાવેલો હોય પાછળથી દાવાવાળી મિલ્કતમાં પોતાનો હકક પરત મેળવવા માટે હાલનો દાવો વાદી પક્ષે દાખલ કરેલ છે તે હકીકત સ્પષ્ટ થાય છે. આ કામના વાદી પક્ષનો દાવાવાળી મિલ્કતમાં કબજો ભોગવટો આવેલો હોય અને દાવાવાળી મિલ્કતમાં તેઓ ખેતી કામ કરતા હોય તેવો કોઈ પુરાવો રજુ રાખેલો ન હોય અને વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ વાદી પક્ષે રજુ કરેલ પુરાવાથી વાદી પક્ષ પુરવાર કરી શકેલ ન હોય અને સગવડતા અગવડતાની સમતુલાનું પાસુ પણ વાદીની તરફેણમાં ન હોય અને જો કામચલાઉ મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ કોઈ નુકશાન થતુ નથી.

વધુમાં કાયદાકીય પ્રસ્થાપિત સ્થિતિ જોવામાં આવે તો નામ. સુપ્રીમ કોર્ટે **Sopan Sukhdeo Sable and Ors. Vs. Assistant Charity Commissioner and Ors., AIR 2004 SC 1401** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "It is settled law that no injunction could be granted against the owner at the instance of a person in unlawful possession."

આમ, ઉપરોકત પેરાઓમાં ચર્ચા કર્યા મુજબ દાવાવાળી જમીનનો કબજો વાદીનો હોવાનું વાદી તરફે પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ ન હોય અને વાદી દાવાવાળી મિલ્કતના માલિક હોવાનો વાદીનો કેસ ન હોય અને પ્રતિવાદી નં.૧ નાઓ દાવાવાળી જમીનના કાયદેસર માલિક હોવાનું તેઓ તરફે પ્રથમદર્શનીય રીતે પુરવાર કરેલ હોય ત્યારે નામ. સુપ્રીમ કોર્ટના

ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ કાયદાકીય સ્થિતિને ધ્યાને લેતા પ્રતિવાદીઓ વિરુધ્ધ વાદીએ માંગણી કર્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હકકદાર થતા નથી, જેથી મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

(૧) વાદી તરફે રજુ આંક–૫ ની કામચલાઉ મનાઇ અરજી **નામંજુર** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૨૩ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL
THAKKAR
on 23/02/2026 15:40:10 IST.

મુ.ઠાસરા
તા.૨૩/૦૨/૨૦૨૬

(વિપુલ અમૃતલાલ ઠકકર)
મુખ્ય સીવીલ જજ, ઠાસરા
કોડ નં. જી.જે.૦૧૪૫૫